PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૬/કવા–૦૩/૧૬–૧૭/ ૧૧૧૧૮ તા. ૧૪.૧૨.૧૬

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ભેટારીયા નિકુંજ મહેન્દ્રભાઈ,
રહે. પીપળીયા નગર,
માંગરોળ રોડ,,
મહેશ્વર મઢી ની બાજુમા
કેશોદ–૩૬૨૨૨૦
મો: ૯૯૨૪૯ ૮૨૧૮૯

**વિષય :–કનેકશન ને અનુરૂપ અંગત ટીસી મેળવવા બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૩૦–૧૧–૧૬ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૪૬/કવા–૦૩/૧૬–૧૭ )**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૩)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી ,પોરબંદર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી , કેશોદ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી નં. –૧, કેશોદ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

NO:- 02/ ૯

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૪૬/કવા–૦૩/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા.૧૪–૧૨–૧૬ | સ્થળ :જુનાગઢ |
|---|---|---|

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

**અરજદાર (ફરીયાદી) : નામ: ભેટારીયા નિકુંજ મહેન્દ્રભાઈ,ગામ: કેશોદ,**

**રજુઆત કરનાર : અરજદાર શ્રી ભેટારીયા નિકુંજ મહેન્દ્રભાઈ હાજર રહેલ હતા.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી નં. –૧, કેશોદ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી , કેશોદ)**

**રજુઆત કરનાર :પી.જી.જોષી, કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી , કેશોદ**

## : હુકમ :

**ફરીયાદ : કનેકશન ને અનુરૂપ અંગત ટીસી મેળવવા બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના પાણીદ્રા ગામ ખાતે આવેલ ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૦૨૫૯/૧૦૧૮૧/૮ મા, પીજીવીસીએલ મા પ્રવર્તમાન નિયમ મુજબ, અગાઉ અલાયદુ એવુ સ્વતંત્ર ટ્રાન્સફોર્મર, જે અમારી સ્વતંત્ર જગ્યા પર લગાડવામા આવેલ હતુ. પરંતુ, પીજીવીસીએલ તરફથી, હાલ તેઓ શ્રી ના ૦૩ પડોશીઓના નવા જોડાણ ને ફાયદો મળે તે માટે, અચાનક અમારા જોડાણ વાળુ આ સ્વતંત્ર ટ્રાન્સફોર્મર, જે સ્થળ પરથી ઉતારી, અને સંયુકત જોડાણો ની ભાગીદારી વાળુ, મોટી ક્ષમતાનુ નવુ ટ્રાન્સફોર્મર લેવામા આવેલ છે. જે યોગ્ય ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ફરીયાદી અરજદાર શ્રી ના પાણીદ્રા ગામ ખાતે આવેલ ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૦૨૫૯/૧૦૧૮૧/૮ ( ૦૫ હોપા) મા, પીજીવીસીએલ તરફથી, અગાઉ ૧૦ કેવીએ નુ અલાયદુ એવુ સ્વતંત્ર ટ્રાન્સફોર્મર ઉભુ કરી અને જોડાણ ને વીજ પુરવઠો આપવામા આવતો હતો. હાલ ના તબ્બકે, સદર જોડાણ વાળા વિસ્તાર માથી, '' ફોર ટ્રેક સોમનાથ હાઈવે '' ની કામગીરી પૂર જોશ મા છે. તેમજ, આ સમયે, ફરીયાદી અરજદાર શ્રી ના જોડાણ વાળા સ્થળની બીલકુલ નજીક એવા, ૦૩ હૈયાત જોડાણકારો ને, સદર'' ફોર ટ્રેક સોમનાથ હાઈવે '' ને ક્રોસ થતી, એલ.ટી. વીજલાઈન માથી વીજ પુરવઠો આપવામા આવતો હતો. સદર એલ.ટી. વીજલાઈન જે નેશનલ હાઈવે ને ક્રોસ થતી હોય, સંભવિત અકસ્માત અને નુકશાની ની શકયતાઓ, પીજીવીસીએલ ને મહતમ જણાયેલ હતી. જેથી, હૈયાત એલ.ટી.ઈન્ફ્રાસ્ટ્રકચર મા જરૂરી એવા તાંત્રીક ફેરફાર કરીને, અરજદાર શ્રી ના પડોશીઓને વીજ પુરવઠો આપતી અને નેશનલ હાઈવે ને ક્રોસ થતી એલ.ટી.લાઈન ની સર્કિટ રદ કરવામા આવેલ હતી. અને, સદર ૦૩ જોડાણકારો ના, પ્રત્યેક ના જોડાણો ને, ફરીયાદી અરજદાર શ્રી ના હૈયાત ટ્રાન્સફોર્મર વાળી જગ્યા ને, સીસ્ટમ ઈમ્પ્રુવમેન્ટ ના ભાગરૂપ આવરી લઈ, અને અરજદાર શ્રી ના હૈયાત ૧૦ કેવીએ ના ટ્રાન્સફોર્મર ને ૨૫કેવીએની ક્ષમતા હેઠળ નુ નવુ ટ્રાન્સફોર્મર લગાડી, અને તે મુજબ સદર ૦૩ જોડાણકારો તેમજ અરજદાર શ્રી નુ ૦૧ જોડાણ, એમ કુલ ૦૪ જોડાણો ના, કુલ ૨૫ હોપા ના વીજભાર ને, સીસ્ટમ ઈમ્પ્રુવમેન્ટ હેઠળ ઓગમેન્ટ થયેલ એવા સદર ૨૫ કેવીએના ટ્રાન્સફોર્મર પર, નવી એલ.ટી.વીજલાઈન ઉભી કરીને, આ મુજબ, હાલ ના તબ્બકે, ૦૩ તેમજ ૦૧ એમ કુલ ૦૪ ખેતીવાડી વીજજોડાણો ને વીજ પુરવઠો આપવાની કાર્યવાહી હેઠળ જોડવામા આવેલ છે. |

| | |
|---|---|
| **૨.૨** | આમ, ઉપરોક્ત મુદ્દા નં.૨.૧ મુજબ ની વિગતે ના, કારણોસર જ, પીજીવીસીએલ ને, તેમના હૈયાત એલ.ટી.ઈન્ફ્રાસ્ટ્રકચર મા તાંત્રીક સુધારણાઓ કરવાની આવશ્યકતા ઉભી થયેલ હોવાના કારણોસર જ, ફરીયાદી અરજદાર શ્રી ના સ્થાપન ની નજીક રહેલ એવુ અગાઉ નુ ૧૦ કેવીએ નુ ટ્રાન્સફોર્મર બદલાવી અને તે જ જગ્યા પર નવુ ૨૫ કેવીએનુ ટ્રાન્સફોર્મર લગાડવાની કામગીરી, જે પીજીવીસીએલ તરફથી કરાયેલ છે. તે બાબત, પીજીવીસીએલ માટે નિયમાધીન યોગ્ય અને વ્યાજબી છે. વિશેષ મા, નામાદાર જીઈઆરસી ના ધારાધોરણ હેઠળ ની માર્ગદર્શક જોગવાઈ ઓ મુજબ, વીજવીતરણ કંપની દ્વારા ઉભી કરાયેલ મીલ્કતો ( વીજલાઈન, વીજથાંભલાઓ, ટ્રાન્સફોર્મર તેમજ અન્ય સંલગ્ન એવી તમામ મીલ્કતો) કે જેનો ખર્ચ અગાઉ જે તે સમયે વીજ ગ્રાહકે સંપુર્ણ પણે ભોગવેલ હોવા છતા, આવી મીલ્કત ની માલીકી, જે તે ગ્રાહક ની વ્યકિતગત ની નથી. પરંતુ, વીજવિતરણ કંપની ની જ છે. તદ ઉપરાંત, સદર મીલ્કત મા, જરૂર જણાયે સુધારા–વધારા, ફેરફારો, મીલ્કત મા વધ–ઘટ, નવીનીકરણ વગેરે સાથે ના તમામ ફેરફારો કરવાના તમામ હકકો વીજવીતરણ કંપની ને જ છે. તેમજ, સદર મીલ્કત ની કાયમી ધોરણે નિભાવવાની જવાબદારી પણ વીજવિતરણ કંપની ની છે. આમ, ફરીયાદી અરજદાર શ્રી ના સ્થાપન પર નુ અગાઉ નુ હૈયાત ૧૦ કેવીએ ના ટ્રાન્સફોર્મર ની માલીકી ફરીયાદી અરજદાર શ્રી ની નથી, પરંતુ, વીજવિતરણ એવી પીજીવીસીએલ કંપની ની છે. જે મીલ્કત મા,હાલ ના તબ્બકે, જે ફેરફારો કરાયેલ છે, તે ફેરફારો સમયાંતરે જરૂરી એવી બાબતો ને અનુલક્ષીને જ થયેલ છે. તેમ છતા, ફરીયાદી અરજદાર શ્રી ના સદર જોડાણ મા જોડાયેલ કરારીત વીજભાર મુજબ જ પુરતો વીજપુરવઠો મળી રહેલ છે. અને જો, ફરીયાદી અરજદાર શ્રી ને સદર જોડાણ મા વીજભાર વધારા ની જરૂરીયાત ઉભી થયા સબબ ની અરજદાર શ્રી ની પીજીવીસીએલ મા અરજી નોંધાવવામા આવશે તો, વીજભાર વધારા સાથે ના, સદર એલ.ટી સર્કીટ પર ના કુલ વીજભાર ની સામે, તે સમયે, તાંત્રીક રીતે યોગ્ય એવી ક્ષમતાનુ નવુ ટ્રાન્સફોર્મર પણ લગાડવામા આવશે. સદર કેઈસ મા, પીજીવીસીએલ તરફથી, આ મુજબ નો અભિપ્રાય ફોરમ કમિટી સમક્ષ રજુ કરાયેલ છે. |

**<u>મુદ્દા નં.—૩ :</u>** **: <u>નિષ્કર્ષ</u> :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | ફરીયાદી અરજદાર શ્રી ના ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૦૨૫૯/૧૦૧૮૧/૮ ના સ્થળ પર, અગાઉ ઉભા કરાયેલ ૧૦ કેવીએ ના ટ્રાન્સફોર્મર ને, હાલ ના તબ્બકે, પીજીવીસીએલ તરફથી બદલાવી, અને નવુ ૨૫ કેવીએનુ જે ટ્રાન્સફોર્મર લગાડવામા આવેલ છે, તેમ છતા, ફરીયાદી અરજદાર શ્રી ના જોડાણ ના વીજભાર સામે પુરતો વીજ પુરવઠો ઉપલબ્ધ રાખેલ છે. આમ, સદર ટ્રાન્સફોર્મર બદલાવવાની કાર્યવાહી, જે પીજીવીસીએલ પક્ષકાર ના મુદ્દા નં.૨.૧ અને ૨.૨ મા વર્ણવ્યા મુજબ ની વિગતે સંપન્ન થયેલ છે. તે કાર્યવાહી, જે નામદાર જીઈઆરસી ના ધારાધોરણ અન્વયે ની માર્ગદર્શીકા હેઠળ ની જ હોય, આ કાર્યવાહી સંપન્ન કરવા માટે પીજીવીસીએલ પક્ષકાર નિયમાધીન હકકદાર છે. જેથી, ફરીયાદી અરજદાર શ્રી ના સ્થાપન પરનુ, હૈયાત ૧૦ કેવીએ નુ ટ્રાન્સફોર્મર બદલાવી અને નવુ ૨૫ કેવીએનું ટ્રાન્સફોર્મર, જે પીજીવીસીએલ તરફથી લગાડવામા આવેલ છે, તે પીજીવીસીએલ ની કાર્યવાહી ને ફોરમ કમિટી, જીઈઆરસી ના ધારાધોરણ ને આનુષાંગીક રહી અને યોગ્ય ઠેરવેલ હોવા બાબતે નો સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**<u>મુદ્દા નં.–૪ :</u>**

**<u>હુકમ</u>**

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ના સ્થાપન પર ના અગાઉ ના ૧૦ કેવીએ ના ટ્રાન્સફોર્મર ને બદલાવી અને નવુ ૨૫ કેવીએનુ ટ્રાન્સફોર્મર લગાડવાની, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જે કાર્યવાહી થયેલ છે, તે કાર્યવાહી – જે નામદાર જીઈઆરસી ના ધારાધોરણ હેઠળ ની માર્ગદર્શીકા અન્વયે ની જ હોય, યોગ્ય હોવાનો, સદર કેઈસ મા હુકમ થયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..